# 15th Meeting of the Working Mechanism for Consultation & Coordination on India-China Border Affairs

June 24, 2020

# ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણાની 15મી બેઠક

જૂન 24, 2020

1. 24 જૂન 2020 નાં રોજ ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલનની કાર્યકારી યંત્રણા (WMCC) ની 15મી બેઠક વિડીયો-કોન્ફરન્સ મારફત યોજવામાં આવી હતી. ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ચીનનાં પ્રતિનિધિમંડળની આગેવાની ચીનનાં વિદેસ મંત્રાલયનાં સીમા અને સમુદ્રી બાબતોનાં વિભાગનાં મહા નિર્દેશક દ્વારા કરવામાં આવી હતી.

2. બન્ને પક્ષોએ વિશેષ રીતે પૂર્વિય દલાખમાં ભારક-ચીન સીમા ક્ષેત્રોમાં વિકસતી પરિસ્થિતિઓની વિગતવાર ચર્ચા કરી હતી. જાનહાનિઓમાં પરિણમેલા 15 જૂનનાં રોજ ગલવાન વેલીમાં થયેલી હિંસક અથડામણ સહિત પૂર્વિય લદાખમાં તાજેતરમાં વિકસેલી પરિસ્થિતિઓ પર ભારતીય પક્ષે ચિંતાઓ જણાવી હતી. આ સંદર્ભમાં, તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે બન્ને પક્ષોએ વાસ્તવિક નિયંત્રણ રેખાનો ચૂસ્ત રીતે આદર કરવો જોઇએ અને પાલન કરવું જોઇએ.

3. બન્ને પક્ષોએ ગત સપ્તાહ વિદેશ મંત્રી અને ચીનનાં સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી મહામહિમ વાંગ યી વચ્ચે થયેલી વાતચીત યાદ કરી હતી અને પુનઃપુષ્ટિ કરી હતી કે બન્ને પક્ષોએ 6 જૂનનાં રોજ સીનિયર કમાન્ડરો વચ્ચે થયેલી સૈનિકો પાછા ખેંચી લેવાની અને તણાવ ઘટાડવાની સમજૂતિનું નિષ્ઠાપૂર્વક અમલીકરણ કરવું જોઇએ. બન્ને પ્રતિનિધિમંડળો સંમત થયા હતા કે દ્વિપક્ષીય સમજૂતિઓ અને પ્રોટોકોલનાં અનુપાલનમાં ત્વરિત રીતે આ સમજૂતિનું અમલીકરણ કરવાથી સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ સુનિશ્ચિત કરવામાં અને બન્ને દેશો વચ્ચે બૃહદ સંબંધનાં વિકાસમાં મદદ કરશે. આ સંદર્ભમાં, તેઓએ 22 જૂનનાં રોજ યોજવામાં આવેલી સીનિયર કમાન્ડરોની દ્વિતિય બેઠકમાં થયેલી ચર્ચાઓની પણ નોંધ લીધી હતી.

4. બન્ને પક્ષો પ્રવર્તમાન પરિસ્થિતિનું શાંતિપૂર્ણ નિરાકરણ લાવવા WMCC નાં ફ્રેમવર્ક અંતર્ગત રાજદ્વારી અને મિલિટ્રી સ્તર અમે બન્ને પર વાતચીત જાળવી રાખવા પણ સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જૂન 24, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.